GJAM110000272026

**:: નમુના – અ ::** આંક–

| **બગસરાનાં મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.બગસરા.<br>ચુકાદાની તારીખ : ૧૪/૦૮/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૭/૨૦૨૬** | |
|---|---|
| **::** ગુનાની વિગત **::** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબ. |
| પ્ર.માહિતી અહેવાલ નંબર | ૧૧૧૯૩૦૦૯૨૫૦૨૭૦/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | બગસરા પોલીસ સ્ટેશન |
| ફરીયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી બી.એમ.પટેલ. |
| આરોપી પક્ષ | **(૧) ભુપતભાઈ જગુભાઈ વાળા,**<br>ઉ.વ.૫૪, ધંધો–ડ્રાઈવીંગ,<br><br>**(૨) પ્રકાશભાઈ હીરાભાઈ વાઘ,**<br>ઉ.વ.૪૮, ધંધો–મજુરી,<br>રહે.બંને ભરડ, તા.ધારી, જી.અમરેલી. |
| રજુઆત | આરોપી નં.૧ તર્ફે વિ.વ.શ્રી.એ.જે.જોષી.<br>આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી.કે.આર.કાટીયા. |

**:: નમુના –બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૧૦/૨૦૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૪/૧૦/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનુ નામ | ઘરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામા આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા સંહિતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભુપતભાઈ જગુભાઈ વાળા | ૦૭/૧૦/૨૦૨૫, | – | બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨), ૫૪. | નિર્દોષ છોડયા | –– | –– |
| ૨. | પ્રકાશભાઈ હીરાભાઈ વાઘ | "" | ૦૨/૦૨/૨૦૨૬ | | | | |

**:: નમુના –ક::**

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

અ.ફરીયાદી પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | કાળુભાઈ રામભાઈ ભટ્ટી | પંચ સાહેદ |
| ફ.સ.૨ | હીતેશકુમાર સેલારભાઈ વાળા | પી.એસ.ઓ.સાહેદ |
| ફ.સ.૩ | કાળુભાઈ રામભાઈ ભટ્ટી | પંચ સાહેદ |
| ફ.સ.૪ | કાળુભાઈ રામભાઈ ભટ્ટી | પંચ સાહેદ |
| ફ.સ.૫ | જસાભાઈ ગોરખભાઈ વાળા | સાહેદ |
| ફ.સ.૬ | પારૂલબેન રાકેશભાઈ વાળા | સાહેદ |
| ફ.સ.૭ | ભવદીપભાઈ દેવકુભાઈ વાળા | ત.ક.અ. |

બ.બચાવ પક્ષ

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ક.ન્યાયાલય

| અનુ.ક્ર | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | – | – |

ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી

અ.ફરિયાદ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૬ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૨ | ૨૨ | ફરીયાદ |
| ૩ | ૨૩ | એફ.આઈ.આર. |

| | | |
|---|---|---|
| ૪ | ૨૪ | ડેપ્યુટ હુકમ |
| ૫ | ૨૭ | અટક પંચનામુ |
| ૬ | ૨૯ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |

બ.બચાવ આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ક.ન્યાયાલય આંકની યાદી

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

ડ.ભૌતિક પદાર્થ

| અનુ.ક્ર | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

**: ઠ રા વ :**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૨/૧૦/૨૦૨૫ના કલાક ૨૧:૩૦ થી તા.૧૩/૧૦/૨૦૨૫ના કલાક ૧:૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે આ કામના ફરીયાદીની માલીકીનું ટીવીએસ કંપનીનું કાળા કલરનું સ્ટાર મો.સા. જેના રજી નં.જીજે–૦૫–ઈએલ–૧૮૨૫ જેની આશરે કિંમત રૂા.૧૦,૦૦૦/–નું માણેકવાડા ગામે રાકેશભાઈ જસાભાઈ વાળા, રહે.માણેકવાડાના રહેણાંક મકાન પાસેથી ચોરી કરી લઈ જઈ, ગુન્હો કરેલ હોય, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાની ફરીયાદ બગસરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૯૨૫૦૨૭૦/૨૦૨૫થી નોંધાયેલ. જે અંગે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**(૨)** આ કામે ચાર્જશીટ રજુ થતા આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવામાં આવતા, આરોપીઓ તેમના વકીલશ્રી મારફતે હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે **આંક–૫**થી તહોમતનામુ ફરમાવેલ છે અને **આંક–૬** અને **આંક–૮**થી જવાબ લેતા તેઓએ તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરતા આ કામ ફરીયાદપક્ષનો પુરાવો સાંભળવા માટે રાખવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી દ્વારા મૌખિકમાં ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામે આરોપીઓનું બી.એન.એસ. એસ.ની કલમ–૩૫૧ મુજબ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપી નં.૧નાએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂમાં અને સાંભળતા લેવામાં આવેલ છે તેમજ તેઓ કશુ જાણતા નથી તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ તેઓને બચાવના સાક્ષીઓ તપાસવા નથી તેમજ તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેઓને ખોટી રીતે કહેવાતા ગુન્હામાં સંડોવી દીધેલ હોય, તેઓને નિર્દોષ છોડી મુકવા ન્યાયના હીતમાં અરજ કરેલ છે તેમજ આરોપી નં.૨નાએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂમાં અને સાંભળતા લેવામાં આવેલ છે તેમજ તેઓ કશુ જાણતા નથી તેમજ સાહેદો ખોટી હકીકત જણાવે છે તેમજ ખોટુ પંચનામુ કરેલ છે તેમજ ખોટી તપાસ કરી ખોટુ ચાર્ઝશીટ કરેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ તેઓને બચાવના સાક્ષીઓ તપાસવા નથી તેમજ વિશેષમાં તેઓએ જણાવેલછે કે તેઓ નિર્દોષ છે તેઓને નિર્દોષ ઠરાવી મુકત કરવા અરજ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૪) ઉપરોકત ચર્ચાને આધારે સદર કેસમાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે :**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૧૨/૧૦/૨૦૨૫ના કલાક ૨૧:૩૦ થી તા.૧૩/૧૦/૨૦૨૫ના કલાક ૧:૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે આ કામના ફરીયાદીની માલીકીનું ટીવીએસ કંપનીનું કાળા કલરનું સ્ટાર મો.સા. જેના રજી નં.જીજે–૦૫–ઇએલ–૧૮૨૫ જેની આશરે કિંમત રૂા.૧૦,૦૦૦/–નું માણેકવાડા ગામે રાકેશભાઇ

જસાભાઇ વાળા, રહે.માણેકવાડાના રહેણાંક મકાન પાસેથી ચોરી કરી લઇ જઇ, આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨),૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૫) ઉપરોકત મુદ્દા માટેના અત્રેની કોર્ટના નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.**

મુદ્દા નં.૧:– નકારમાં.

મુદ્દા નં.૨:– આખરી હુકમ મુજબ.

**રેકર્ડ થયેલ પુરાવાનો ટુંકસાર:–**

**(૬.૧)** આ કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકત પુરવાર કરવા માટે **આંક–૧૫થી પંચ સાહેદ–કાળુભાઇ રામભાઇ ભટ્ટી**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામનું પંચનામુ કેટલા સમય પહેલા અને કઇ જગ્યા પર કરવામાં આવેલ તેની મને ખબર નથી. આ કામના પંચનામા બાબતે હું કઇ જાણતો નથી. આ કામનું રીકવરી પંચનામુ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે તેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જે આ કામે રજુ દા.આંક–૧૬ આપવામાં આવે છે. બનાવ વિશે તેઓને કોઇ જાતમાહીતી નથી. **આ પંચ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઇ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે,** એ વાત ખરી છે કે હાલના કામે પોલીસે તૈયાર પંચનામામાં મારી સહીઓ કર્યા સિવાય બનાવ બાબતે મને કોઇ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે તૈયાર પંચનામામાં મારી સહીઓ લીધેલી.

(૬.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૧થી સાહેદ–હિતેશકુમાર સેલારભાઇ વાળા**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ હું પી.એસ.ઓ. તરીકે બગસરા પો.સ્ટેમાં બપોર પછી મારી ફરજ પર ૪ વાગ્યાના આસપાસ રાકેશભાઇ જશાભાઇ વાળા ઉ.વ.૩૫ ધંધો ડ્રાઇવીંગ રહે. માણેકવાડાવાળા તેઓ રૂબરૂ પો.સ્ટે. આવી ફરીયાદ અંગે હકીકત જણાવતા જેમાં જે ફરીયાદમાં તા.૧૨/૧૦/૨૦૨૫ની રાત્રીના ૯:૦૦ વાગ્યાથી તા.૧૩/૧૦/૨૦૨૫ના ૧:૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના બહાર બજારમાં રાખેલુ પોતાનુ ટી.વી.એસ. મો.સા. રજી નં. જી.જે–૫–ઈએલ–૧૮૨૫નુ ઘરની બહાર બજારમાં રાખેલ મો.સા. ચોરાઇ જવાની ફરીયાદ આપેલ હોય, જે વીગતવારની ફરીયાદ મે મારી રૂબરૂ લખી લીધેલ અને બગસરા પો.સ્ટે.ના ગુન્હા રજી.નં.૧૧૧૯૩૦૦૯૨૫૦૨૭૦/૨૦૨૫થી ગુન્હો રજી. કરી બી.એન.એસ. ૩૦૩(૨)ની કલમ લગાડી એફ.આઇ.આર. તા. ૧૪/૧૦/૨૦૨૫ ના કલાક ૧૬:૦૦ વાગે રજી. કરી આ કામે આગળની વધુ તપાસ બગસરા પો.સ્ટે. ના ભવદીપભાઇ વાળા, હે.કો. તરફ કરેલ છે. આ કામે ફરીયાદીએ મારી રૂબરૂમાં ફરીયાદમાં સહી કરેલ તે હું ઓળખી બતાવુ છુ જેમા પી.એસ.ઓ. તરીકે મે પણ સહી કરેલ જે અસલ ફરીયાદ આ કામે રજુ દાખલ આંક–૨૨. આ કામે મે અમો તરફથી નામ.બગસરા કોર્ટમાં રજુ કરેલ આ કામની એફ.આઇ.આર.મને બતાવવામાં આવે છે. તેમા પી.એસ.ઓ. તરીકે મારી સહી છે. જે આ કામે રજુ દાખલ આંક–૨૩. મે આ કામે ગુન્હાની તપાસ સારૂ ડેપ્યુટ હુકમ શ્રી બી.ડી.વાળાનાઓને આપેલ જે મને બતાવતા મારી સહી છે તે ઓળખી બતાવુ છુ. જે આ કામે રજુ દાખલ આંક–૨૪. **સદર સાહેદની બચાવપક્ષ તર્ફે તેમની કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે ફરીયાદ દાખલ કર્યા સીવાય મે બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે કોઇપણ કામગીરી કરીએ તો તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની રહે છે.

(૬.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૬થી પંચ સાહેદ–કાળુભાઇ રામભાઇ ભટ્ટી**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જેઓએ

તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે મને આશરે આઠેક માસ પહેલા બગસરા પો.સ્ટે. બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલ. મને આ કામે તા.૦૭/૧૧/૨૦૨૫ના રોજનું પંચનામુ બતાવતા તેમા પંચ નં.૧ તરીકે મારી સહીઓ છે. જે આ કામે રજુ દા.આંક–૨૭ આપવામાં આવે છે. મારી હાજરીમાં પોલીસે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી. **આ પંચ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઇ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે,** એ વાત ખરી છે કે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ તે સિવાય બનાવ બાબતે મને કોઇ જાતમાહીતી નથી.

**(૬.૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૨૮થી પંચ સાહેદ–કાળુભાઇ રામભાઇ ભટ્ટી**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, પોલીસે મને આશરે આઠેક માસ પહેલા બગસરા પો.સ્ટે. બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલ. મને આ કામે તા.૦૭/૧૧/૨૦૨૫ના રોજનું પંચનામુ બતાવતા તેમા પંચ નં.૧ તરીકે મારી સહીઓ છે. જે આ કામે રજુ દા.આંક–૨૯ આપવામાં આવે છે. મારી હાજરીમાં પોલીસે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવુ બનેલ નથી. **આ પંચ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષ તેમને સમર્થનકારક કોઇ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં એ હકીકત જણાવે છે કે,** એ વાત ખરી છે કે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહીઓ લીધેલ તે સિવાય બનાવ બાબતે મને કોઇ જાતમાહીતી નથી.

**(૬.૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૦થી સાહેદ–જસાભાઇ**

**ગોરખભાઈ વાળા**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, હું માણેકવાડા ગામે મારા પરિવાર સાથે રહુ છુ અને મારો દીકરો રાકેશ મારી સાથે રહે છે. આજથી ૧૦ માસ પહેલા રાત્રીના સાડા નવ વાગ્યે મારો દીકરો ગામમાં ભવાઇ જોવા માટે ગયો હતો અને અમારુ ટી.વી.એસ. કંપનીનું કાળા કલનું મો.સા. જે ઘરની બહાર પડેલ હતુ જેનો નંબર મને યાદ નથી અને અમો ઘરમાં સુઇ ગયા હતા ત્યારે રાત્રીના કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોવાનો બનાવ બનેલ જે બાબતે મારા દીકરાએ તપાસ કરવા છતા કયાંય પણ મો.સા. મળી આવેલ નહી જેથી મારા દીકરાએ બગસરા પો.સ્ટે. તેની મો.સા. ચોરીની ફરીયાદ આપેલ હતી. પોલીસે મારુ નામઠામ પુછેલ. મે કોઇને અમારૂ મો.સા. ચોરી કરતા જોયેલ નથી. પોલીસે મારો જવાબ લીધેલો. **સદર સાહેદની બચાવપક્ષ તર્ફે તેમની કરવામાં આવેલ ઉલટતપાસ માં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે બનાવની રાત્રીએ અમો બધા ઘરમા સુઇ રહેલ હતા જેથી ચોકકસ કેટલા વાગ્યે અને કોણે મારા દીકરાનું મો.સા. અમારા ઘરની બહારથી ચોરી કરી લઇ ગયેલ તે મે જોયેલ નથી.

(૬.૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૧થી સાહેદ–પારૂલબેન રાકેશભાઈ વાળા**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, મારા પતિ રાકેશભાઇ અને બાળકો સાથે હું માણેકવાડા મુકામે રહુ છુ. મારા પતિ પાસે ટીવીએસ કંપનીનુ એક મો.સા. છે જેનો નંબર મને ખબર નથી. આજથી ૧૦ માસ પહેલા રાત્રીના સાડા નવ વાગ્યે મારા પતિ ગામમાં ભવાઇ જોવા માટે ગયો હતા અને અમારુ ટી.વી.એસ. કંપનીનું કાળા કલનું મો.સા. જે ઘરની બહાર પડેલ હતુ જેનો નંબર મને યાદ નથી અને અમો ઘરમાં સુઇ ગયા હતા ત્યારે રાત્રીના કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોવાનો બનાવ બનેલ જે બાબતે મારા પતિંએ તપાસ કરવા છતા કયા ય પણ મો.સા. મળી આવેલ નહી જેથી મારા પતિએ બગસરા પો.સ્ટે. તેની મો.સા. ચોરીની ફરીયાદ આપેલ હતી. પોલીસે મારુ નામઠામ પુછેલ. મે કોઇને અમારૂ મો.સા. ચોરી કરતા જોયેલ નથી. પોલીસે મારો જવાબ લીધેલો. **સદર સાહેદની બચાવપક્ષ તર્ફે તેમની કરવામાં**

**આવેલ ઉલટતપાસ માં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે બનાવની રાત્રીએ અમો બધા ઘરમા સુઇ રહેલ હતા જેથી ચોકકસ કેટલા વાગ્યે અને કોણે મારા પતિનું મો.સા. અમારા ઘરની બહારથી ચોરી કરી લઇ ગયેલ તે મે જોયેલ નથી.

(૬.૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૩થી ત.ક.અ.–ભવદીપભાઇ દેવકુભાઇ વાળા**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ હું પો.સ્ટે. હાજર હતો ત્યારે આ કામના ફરીયાદી રાકેશભાઇ જસાભાઇ વાળા બગસરા પો.સ્ટે. ખાતે પોતાની માલીકીની ટીવીએસ કંપનીનું મો.સા.જેના રજી.નં.જીજે–૦૫–ઇએલ–૧૮૨૫ જેની કિંમત રૂા.૧૦,૦૦૦/– વાળુ માણેકવાડા ગામે પોતાના રહેણાંક મકાને મકાનની બહાર પાર્ક કરેલ હતુ અને તેઓ પોતે ભવાઇ જોવા માટે ગામમાં ગયેલ હતા. ત્યારે રાત્રીના મોડા પાછા આવતા તેમનું મો.સા. તેમના ઘરની બહાર જોવા મળેલ નહી. જેથી રાકેશભાઇએ તેમના ઘરની આજુબાજુ અને ગામમાં તપાસ કરતા તેમનું મો.સા. કોઇ જગ્યાએ મળી આવેલ નહી. જેથી આ કામે રાકેશભાઇએ બગસરા પો.સ્ટે. તેમની ફરીયાદ આપેલ. મને આ કામે આંક–૨૨થી રજુ તા.૧૪/૧૦/ ૨૦૨૫ની ફરીયાદીની ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદ મને તપાસના કામે મળેલ તે જ છે. મને આ કામે ડપ્યુટ હુકમ મળેલ જે આ આંક–૨૪થી રજુ છે તે જ છે. આ કામે મે મારી તપાસ દરમ્યાન તપાસમાં આ કામના આરોપીઓએ મો.સા.ની ચોરી કરેલ હોવાનુ ખુલતા ટ્રાન્સફર વોરંટના આધારે અમરેલી જીલ્લા જેલમાંથી મેળવેલ. મે ગુનાના કામે અટક પંચનામુ અને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ. આ કામે એલ.સી.બી. અમરેલીનાઓએ આરોપીઓ પાસેથી આ ગુનાના કામે ચોરી થયેલ મો.સા. મેળવી હસ્તગત કરી ધારી પો.સ્ટે. સોંપેલ હતી. જે અમો ધારી પો.સ્ટે.થી મેળવેલ અને આ કામે મુદ્દામાલ પાવતી નં.૧૦૩/૨૦૨૫થીએ વાત ખરી છે કે સદર મુદ્દામાલ મે ધારી પો.સ્ટે.માંથી મેળવેલ. એ વાત ખરી છે કે તે સમયે આરોપી અમરેલી જીલ્લા જેલમાં બીજા ગુનાના કામે હતા. એ વાત ખરી છે કે મે કોઇ એલ.સી.બી.પોલીસના નિવેદન આ કામે લીધેલ નથી. એ વાત ખરી છે કે

સાહેદ નં.૬ અને ૭ ફરીયાદીના પિતા અને પત્ની થાય છે. એ વાત ખરી છે કે બે દીવસ મોડી હોવાનો ખુલાસો તપાસના કામે લીધેલ નથી. એ વાત ખરી નથી જાતે પંચનામુ લખી લીધેલ હોય અને કેસો પતાવવા સારૂ આરોપીનુ ખોટુ નામ આ કામે લખી લઈ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્ઝશીટ કરેલ છે. નામ.કોર્ટમાં રજુ કરેલ. જે હાલમાં બગસરા પો.સ્ટે. ખાતે રાખવામાં આવેલ છે. મે આ કામે ફરીયાદીના પિતા જસાભાઈ વાળા અને તેમજ તેમના પત્ની પારૂલબેન વાળાનાઓના નિવેદન લીધેલ અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્ઝશીટ રજુ કરેલ. હું આરોપીઓને ઓળખુ છુ જે આજરોજ જીલ્લા જેલ અમરેલીથી ઓનલાઈન હાજર છે તે ભુપતભાઈ જગુભાઈ વાળા છે. અન્ય આરોપી હાજર નથી. આ કામે આરોપી નં.૨ના વિ.વ.શ્રીનો મુકિત રીપોર્ટ રજુ. ઓળખની તકરાર નથી. **સદર ત.ક.અ.ની બચાવપક્ષ તર્ફે તેમની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે સદર મુદ્દામાલ મે ધારી પો.સ્ટે. માંથી મેળવેલ. એ વાત ખરી છે કે તે સમયે આરોપી અમરેલી જીલ્લા જેલમાં બીજા ગુનાના કામે હતા. એ વાત ખરી છે કે મે કોઈ એલ.સી.બી.પોલીસના નિવેદન આ કામે લીધેલ નથી. એ વાત ખરી છે કે સાહેદ નં.૬ અને ૭ ફરીયાદીના પિતા અને પત્ની થાય છે. એ વાત ખરી છે કે બે દીવસ મોડી હોવાનો ખુલાસો તપાસના કામે લીધેલ નથી. એ વાત ખરી નથી જાતે પંચનામુ લખી લીધેલ હોય અને કેસો પતાવવા સારૂ આરોપીનુ ખોટુ નામ આ કામે લખી લઈ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્ઝશીટ કરેલ છે.

**<u>રેકર્ડ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન :–</u>**

**(૭)** ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાનું તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તર્ફે કરાયેલ વિસ્તૃત મૌખિક દલીલો ધ્યાને લેતા તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામનાં આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨),૫૪ મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે. ફોજદારી કાયદાશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર, આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાહીત કૃત્યની હકીકતો ફરીયાદપક્ષ દ્વારા વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઈએ.

(૮) આ કામે ફરીયાદપક્ષે કુલ–૭ સાહેદોને તપાસેલ છે. જેમા રેકર્ડ તપાસતા તેમા આ કામે ફરીયાદી રાકેશભાઇ જસાભાઇ વાળાનાઓને આંક–૧૧થી સદર કામે સાહેદી આપવા સારૂ તા.૧૦/૦૪/૨૦૨૬ના રોજ સમન્સ કાઢેલ જે તેમને તેમના મોબાઇલ નંબર ઉપર બજી ગયેલ હોવા છતાં તેઓ આ કામે સાહેદી આપવા સારૂ આવેલ નહી અને તેઓ આ કામે મહત્વના સાહેદ હોય જેથી તેમને હાજર રાખવા સારૂ અત્રેની કોર્ટે આંક–૧૪થી તેમને હાજર રાખવાનું નોન બેલેબલ વોરંટ ઇસ્યુ કરેલ. પરંતુ તેઓશ્રી તેમણે તેમના ફરીયાદમાં સરનામે તપાસ કરતા તેઓ સુરત રહેતા હોય આવશે ત્યારે તેમને સદર મુદતની સમજ કરીશુ. તેવા શેરા સાથે તા.૨૮/૦૫/૨૦૨૬ના રોજ સદર નોન બેલેબલ વોરંટ પરત આવેલ. ત્યારબાદ ફરી વખત તે વોરંટને રી–ઇસ્યુ કરતા તા.૦૩/૦૬/૨૦૨૬ના રોજ તે જ શેરા સાથે પરત આવેલ. જેથી અત્રેની કોર્ટે તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ પુરાવાનો હકક બંધ કરીને અન્ય સાહેદોને તપાસેલ. જેમા આંક–૨૧થી અનાર્મ એ.એસ.આઇ. હીતેશકુમાર સેલારભાઇ વાળા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે અને જેઓ પોતાની સર તપાસમાં મહત્વનું જણાવે છે કે, તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ ફરીયાદી રાકેશભાઇ જસાભાઇ વાળાઓએ તા.૧૩/૧૦/૨૦૨૫ના રોજની ફરીયાદ આપેલ અને જેમા સદર સાહેદે પી.એસ.ઓ. તરીકે સહી કરેલ હોવાની હકીકત જણાવતા હોય જેથી સદર ફરીયાદ આંક–૨૨થી રજુ રાખેલ અને તેઓએ આંક–૨૩થી સદર ગુનાની તપાસ શ્રી બી.ડી.વાળાનાઓને આપેલ હોવાનો ડેપ્યુટ હુકમ રજુ રાખેલ. વધુમાં સદર સાહેદે ફરીયાદ લખ્યા સિવાય અન્ય કોઇ તપાસ આ કામે કરેલ ન હોવાનું સ્વીકારતા હોય જેથી સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. કારણ કે સદર સાહેદે માત્ર ફરીયાદી રાકેશભાઇ જસાભાઇ વાળાનાઓની મૌખિક ફરીયાદ હકીકતના આધારે ફરીયાદ લખી લીધેલ હોય તેમજ સદર ફરીયાદી કોર્ટ રૂબરૂ સાહેદી આપવા સારૂ હાજર રહેલ ન હોય જેથી આંક–૨૨થી રજુ ફરીયાદીની ફરીયાદ હકીકતને સદર સાહેદની જુબાનીથી આધાર રાખી શકાય તેવુ નથી તેવુ કોર્ટનુ માનવુ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે પંચ સાહેદ કાળુભાઇ રામભાઇ ભટ્ટી નાઓને આંક–૧૫થી તપાસેલ છે અને જેઓ આંક–૧૬થી રજુ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય જેથી આંક–૧૬ વાળુ પંચનામુ પુરવાર થતુ

નથી અને તે હકીકત ઉપર પણ શંકા ઉપજે છે કે આ કામે કહેવાતો મુદ્ધામાલ ટી.વી.એસ.કંપની સ્ટાર મો.સા. આ કામના તપાસ કરનાર અમલદારનાઓએ સદર પંચોની હાજરીમાં આ કામના આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ. આમ, આ કામે પંચો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી તેમજ આ કામે ફરીયાદી સાહેદ પણ સોગંદ ઉપર જુબાની આપવા સારૂ આવેલ નથી. એટલુ જ નહી આ કામે ફરીયાદીના પિતા જસાભાઈ ગોરખભાઈ વાળા તેમજ ફરીયાદીની પત્ની પારૂલબેન રાકેશભાઈ વાળાનાઓને ફરીયાદપક્ષે અનુક્રમે આંક–૩૦ અને ૩૧ થી તપાસેલ છે અને તેઓ પણ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થન આપતા ન હોય તેમજ તેઓશ્રીએ પણ ફરીયાદી રાકેશભાઈ જસાભાઈ વાળાનાઓને પણ જુબાની આપવા સારૂ હાજર રાખેલ નથી. આમ, ઉપરના તમામ સંજોગો જોતા ફરીયાદી સદર કામે સાહેદી આપવા સારૂ રસ લીધેલ નથી અને તેમના પત્ની અને પિતાને આ કામે સોગંદ ઉપર તપાસ્યા બાદ પણ તેઓ ફરીયાદીને સાહેદી આપવા સારૂ હાજર રાખી શકેલ નથી કે આ કામના ફરીયાદીપક્ષને સમર્થનકારી કોઈ જુબાની આપી શકેલ નથી. આવા સંજોગોમાં આરોપીઓ વિરૂદ્ધ આંક–પથી રજુ તહોમતનામા મુજબનો ગુનો આરોપીઓ વિરૂદ્ધ માની શકાય તેમ નથી અને આંક–૨૨ વાળી ફરીયાદ વાળા બનાવની હકીકત વિરૂદ્ધ ગંભીર શંકા ઉપસ્થિત થાય છે અને જે શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે તેવુ કોર્ટનુ માનવુ છે.

(૯) હવે, હાથ ઉપરના કેસની પુરાવાની હકીકત જોવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધ કહેવાતો ચોરીનો ગુનો પુરવાર કરવા સારુ અગત્યના પુરાવા રજુ રાખેલ નથી તેમજ આરોપીઓ પાસેથી સદર મુદ્ધામાલ મળી આવેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરતા નથી તેમજ સદર મુદ્ધામાલના માલીકી દર્શાવતા દસ્તાવેજો આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ ન હોય, જેથી આ કામના આરોપીઓએ તા.૧૨/૧૦/૨૦૨૫ના કલાક ૨૧:૩૦ થી તા.૧૩/૧૦/૨૦૨૫ના કલાક ૧:૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે આ કામના ફરીયાદીની માલીકીનું ટીવીએસ કંપનીનું કાળા કલરનું સ્ટાર મો.સા. જેના રજી નં.જીજે–૦૫–ઈએલ–૧૮૨૫ જેની આશરે કિંમત

રૂા.૧૦,૦૦૦/-નું માણેકવાડા ગામે રાકેશભાઈ જસાભાઈ વાળા, રહે.માણેકવાડાના રહેણાંક મકાન પાસેથી ચોરી કરી લઈ ગયેલ હોય તેવુ નિ:શંક પણે પુરવાર કરતા ન હોય, આરોપીઓ વિરૂદ્ધ ગુનો માની શકાય તેમ નથી.

**(૧૦)** ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ મુકેલ છે તેનો પુરાવો તેમણે રેકર્ડ પર રજુ કરેલ નથી. આરોપીઓ સામે જે મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે તે ધ્યાને લેતા, સ્પષ્ટ થાય છે કે ફરીયાદીની જુબાનીની ગુણવત્તા આરોપીઓ સામે હાલનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ખુબ જ અપુરતી છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨),૫૪ની જોગવાઈનાં આવશ્યક તત્વો ફરીયાદપક્ષ આરોપીઓ સામે કડીબદ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને કેસનાં રેકર્ડ પરથી પુરવાર થાય છે કે, હાલના કામે આરોપીઓએ ગુનો કર્યા અંગે શંકા ઉપસ્થિત કરતી હકીકતો પણ રેકર્ડ પર નથી. ફરીયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપો સચોટ, કડીબદ્ધ અને વિશ્વસનીય પુરાવાને આધારે પુરવાર કરવાનો રહે છે. જે હાલના કામે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર આરોપીઓ વિરૂદ્ધ ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય અને આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨),૫૪ મુજબનો ગુનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧**નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

## :: <u>આખરી હુકમ</u> ::

**૧.** આ કામના આરોપી નં.**(૧) ભુપતભાઈ જગુભાઈ વાળા, (૨) પ્રકાશભાઈ હીરાભાઈ વાઘ,** રહે.બંને ભરડ, તા.ધારી, જી.અમરેલીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૩(૨),૫૪ મુજબનાં ગુન્હામાંથી શંકાના આધારે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે મુદ્દામાલ પાવતી નં.૧૨/૨૦૨૫થી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનનો અપીલ સમય વિત્યા બાદ જો કોઈ મુદ્દામાલ વાહનના

માલીકીપણા અથવા કબજા અંગે કલેઇમ આવે તો માલીકીપણાની ખાતરી કરીને યોગ્ય તપાસ કરી કાયદાકીય રીતે નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ જો કોઇ કલેઇમ ન આવે તો અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** સદર હુકમની જાણ જેલરશ્રી અમરેલીનાઓને કરવી.

આ હુકમ આજરોજ **તા.૧૪મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુકામ : બગસરા.**
**તા.૧૪/૦૮/૨૦૨૬**

**(નિલેશકુમાર એમ. ચૌહાણ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**
**બગસરા.(કોડ નં.જીજે–૦૧૬૪૭)**